# પરમાર્થ

— તમારી મદદ અન્યને મદદરૂપ થાય છે. —

ઑક્ટો. '૨૩ - ડિસે. '૨૩ આવૃત્તિ


## અધ્યક્ષશ્રીની કલમે,



પ્રિય સમર્થકો અને મિત્રો,

ચારુતર આરોગ્ય મંડળ તરફથી હાર્દિક શુભેચ્છાઓ!

મને જણાવતાં ખુબ જ આનંદ થાય છે કે આ વર્ષના ત્રીજા માસિક ગાળામાં અમારી પ્રતિભાઓની ઓળખ, દર્દી સંભાળની ગુણવત્તા, અને લોકસમુદાય માટેની વિવિધ પ્રવૃત્તિઓની ક્ષમતામાં ઉત્તરોત્તર વધારો થયો છે.

ચારુતર આરોગ્ય મંડળ દ્વારા સમર્થિત ભાઈકાકા યુનિવર્સિટીના પ્રથમ દીક્ષાંત સમારોહમાં તબીબી અભ્યાસના સ્નાતકોને પદવીઓ અને ગોલ્ડ મૅડલ એનાયત થયા. મને ખૂબ જ ગર્વ થાય છે કે ગોલ્ડ મૅડલ મેળવનાર પાંચ તેજસ્વી કન્યાઓ હતી! હૃદયના સ્વાસ્થ્ય અંગે અને સ્વસ્થ જીવનશૈલી માટે જાગૃતિ ફેલાવવા માટે આયોજિત 'હેલ્ધી હાર્ટ વૉકેથૉન'માં ૨૫૦૦થી વધુ સમર્થકોએ ભાગ લીધો. કરોડરજ્જુની ઈજાઓવાળા દર્દીઓના પુનર્વસન માટે જાગૃતિ ફેલાવવા અંગે આંતરરાષ્ટ્રીય સ્પાઇન અને સ્પાઇનલ ઇન્જરીઝ કૉન્ફરન્સનું આયોજન થયું; ૩૦મી નવેમ્બર, ૨૦૨૩ના અમારા સ્થાપક અધ્યક્ષ ડૉ. એચ.એમ. પટેલની પુણ્યતિથિએ તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરાઈ અને આ પ્રસંગે મૅગ્સેસે ઍવોર્ડ વિજેતા ડો. પ્રકાશ મુરલીધર આમ્ટેએ જન આરોગ્યમાં તેમના દીર્ઘ અનુભવો વર્ણવતું ખુબ જ પ્રેરણાદાયી વ્યાખ્યાન આપ્યું.

નવજાત શિશુ સંભાળની સુવિધામાં નવા aEEG મશીનના ઉદ્‌ઘાટનથી ઉમેરો થયો. માનસિક અને શારીરિક રીતે અશક્ત નવજાત શિશુઓની મગજની પ્રવૃત્તિઓ પર દેખરેખ માટે ઉપયોગી આ ઉપકરણ લાંબા સમયથી સંસ્થા સાથે જોડાયેલ અમારા સહયોગીના ટેકાથી શક્ય બન્યું છે. ટૂંક સમયમાં જ અમારા કેન્સર સૅન્ટરમાં દર્દીઓની સુવિધા માટે પૅટ-સ્કેનની સગવડ શરુ થશે. વધુમાં, સ્કીલ લૅબનું બાંધકામ પણ પૂરજોશમાં ચાલી રહ્યું છે.

ચારુતર આરોગ્ય મંડળ તરફથી હું તમામ શુભેચ્છકોનો આભાર વ્યક્ત કરું છું કે જેઓએ રૂબરૂ સંસ્થાની મુલાકાત લીધી. હું કૃતજ્ઞતા વ્યક્ત કરું છું અમારા તમામ દાતાશ્રીઓનો કે જેમના વિશ્વાસને કારણે મંડળે શ્રેષ્ઠતાના લક્ષ્યાંકો હાંસિલ કર્યા છે. તેમના સહયોગ અને સહકારથી અમે લાખો દર્દીઓને અવિરતપણે ઉત્તમ સારવાર આપતા આવ્યા છે.

હાર્દિક શુભેચ્છા સહ,

અતુલ પટેલ
અધ્યક્ષ, ચારુતર આરોગ્ય મંડળ

---

## દાતાશ્રીઓના શબ્દોમાં

“બૉશ રેક્સરોથ ઈન્ડિયા, સામાજિક જવાબદારી અને લોકસમુદાયની સુખાકારી માટે પ્રતિબદ્ધ છે. અમે અમારી મુખ્ય પ્રવૃત્તિઓ ઉપરાંત સામાજિક કાર્ય દ્વારા સમાજમાં સકારાત્મક પ્રભાવ પહોંચે તેમાં વિશ્વાસ રાખીએ છીએ. જેથી જેમને સારવારની જરૂર છે તેવા આર્થિક અને સામાજિક રીતે પછાત બાળકની સારવારમાં યોગદાન આપ્યું છે. ચારુતર આરોગ્ય મંડળના ઉમદા હેતુ – 'દરેકને ગુણવત્તાયુક્ત તબીબી સારવાર એક સમાન ધોરણે મળી રહે' થી અમે પ્રેરિત થયા છીએ. અમે આશા રાખીએ છીએ કે સમુદાયમાં લોકો પણ આ પહેલને સમર્થન આપવા માટે પ્રેરીત થાય અને અનેક તકલીફોનો સામનો કરતા જરૂરિયાતમંદ દર્દીઓના જીવનમાં નોંધપાત્ર બદલાવ લાવી શકાય. કંપની તેની સામાજિક જવાબદારીની પ્રવૃત્તિઓ (સી.એસ.આર.) થકી લોકો પ્રત્યે કરુણા દાખવવી, સામાજિક જવાબદારીમાં યોગદાન પૂરું પાડવું અને લોકસમુદાયના જોડાણની પ્રવૃત્તિઓમાં વગેરે કરવા માટે કટિબદ્ધ છે. શ્રી કૃષ્ણ હૉસ્પિટલ શ્રેષ્ઠ તબીબી સારવાર પૂરી પાડવા માટે નામના ધરાવે છે. અમને આ સકારાત્મક પરિવર્તનના સામૂહિક પ્રયાસોનો ભાગ બનાવવા બદલ આભારી છીએ.”

બૉશ રેક્સરોથ (ઈન્ડિયા) પ્રા. લિ.(દાતા અને શુભેચ્છક), સાણંદ, અમદાવાદ

“સૌપ્રથમ હું ચારુતર આરોગ્ય મંડળનો આભાર માનું છું કે જેમણે મને દર્દીઓના જીવનને બચાવવા માટે સહભાગી થવાની તક પૂરી પાડી. ઘણાં વર્ષો પહેલા શ્રીકૃષ્ણ હૉસ્પિટલ ખાતે મારા પિતાશ્રીની હૃદયરોગની સફળ સર્જરી હાથ ધરાઈ હતી. તે સમયથી મારા મનમાં હતું કે તમારી પ્રિય વ્યક્તિ જ્યારે હૉસ્પિટલમાં હોય ત્યારે નાણાંકીય તકલીફ ન પડવી જોઈએ. આમ પણ તમારું પ્રિય વ્યક્તિ જ્યારે ઑપરેશન થિયેટરમાં હોય ત્યારે બહાર બેસી રહેવું કેટલું મુશ્કેલ હોય છે. પરંતુ જ્યારે તમે નાણાંકીય કટોકટીથી પસાર થઈ રહ્યા હોય ત્યારે તે વધુ મુશ્કેલભર્યું બની જાય છે. જેથી હું દરેકને આવા ઉમદા કાર્યોમાં સમર્થન આપવા માટે અપીલ કરું છું.”

શ્રી અજય રાજેન્દ્ર સોની (નિયમિત દાતા અને શુભેચ્છક), વડોદરા

## આપનો વિચાર, એક જીવનનો આધાર



ઉર્વશી વિજયભાઈ ઠાકોર

આણંદના ધર્મજ ગામના વિજયભાઈ ઠાકોરની ૪ વર્ષની પુત્રી ઉર્વશીને શ્વાસ લેવામાં તકલીફ હોવાથી સ્થાનિક હૉસ્પિટલમાં લઈ ગયા. પરંતુ ત્યાં તબિયતમાં સુધારો ન જણાતાં તેને ગંભીર હાલતમાં શ્રી કૃષ્ણ હૉસ્પિટલમાં લાવવામાં આવી. યોગ્ય તપાસ કરતા તેને ન્યુમોનિયા સાથે ફેફસાંમાં ચેપ હોવાનું નિદાન થયું અને તેને બાળકોના આઇ.સી.યુ.માં દાખલ કરવામાં આવી.

ઉર્વશીના માતા-પિતા સારવારના ખર્ચ વિશે ચિંતિત હોવાથી સહાય માટે મંડળને વિનંતી કરી. જેથી દાતાશ્રીઓના સહયોગથી આર્થિક સહયોગ પૂરો પાડવામાં આવ્યો. ૩૭ દિવસની સારવાર બાદ, ઉર્વશીને રજા આપવામાં આવી, અને તેના પરિવારે ડૉક્ટરોની ટીમ, હૉસ્પિટલ અને દાતાશ્રીઓના તેમના સહયોગ માટે કૃતજ્ઞતા વ્યક્ત કરી.

---



ધાર્મિક શંભુભાઈ પરમાર

ખેડા જિલ્લાના માતરના ૫ મહિનાના ધાર્મિકને ખુબ ભારે તાવ, શરદી-ઉધરસ, અને શ્વાસમાં તકલીફ હોવાથી તેના માતા-પિતા તેને નજીકની હૉસ્પિટલમાં લઈ ગયા. પરંતુ સ્થિતિ વધુ વણસતા તેને કરમસદની શ્રી કૃષ્ણ હૉસ્પિટલમાં લાવવામાં આવ્યો. પ્રારંભિક મૂલ્યાંકન પછી, તેને પીડિયાટ્રિક આઈ.સી.યુ.માં દાખલ કરવામાં આવ્યો અને તેને શ્વાસનળીમાં ગંભીર ચેપ હોવાનું નિદાન થયું.

ધાર્મિકની સારવાર વૅન્ટિલેટર સપોર્ટ, ભારે દવાઓ અને સપોર્ટીવ કેર સાથે શરૂ કરાઈ. તેના પિતા મજૂરીકામ કરી પરિવારનું ગુજરાન કરતા હોવાથી સારવારના ખર્ચની સહાય માટે વિનંતી કરી. મંડળના ઉદાર દાતાશ્રીઓ અને શુભેચ્છકો દ્વારા સહયોગ પૂરો પાડવામાં આવ્યો. હૉસ્પિટલમાં ૨૬ દિવસની સારવાર બાદ ધાર્મિકને રજા આપવામાં આવી. તેના માતાપિતાએ તેમના દીકરાની સારવારમાં સહાય કરનાર દાતાશ્રીઓ અને સારવારમાં સંભાળ રાખનારા આરોગ્યકર્તાઓનો આભાર માન્યો.

---



સંધ્યા સુનિલભાઈ તળપદા

બોરસદ તાલુકાના નાપા ગામની ૧૨ વર્ષની બાળકી સંધ્યા તળપદાને તાવ સાથે હલનચલનમાં તકલીફ હતી જેથી તેના માતા-પિતા સારવાર અર્થે સ્થાનિક હૉસ્પિટલમાં લઈ ગયા, પરંતુ તેની હાલતમાં કોઈ પણ સુધારો ન જણાતા, તેને ગંભીર હાલતમાં શ્રી કૃષ્ણ હૉસ્પિટલમાં લાવવામાં આવી. સારવાર અંગે પીડિયાટ્રિશ્યનની સલાહ લેવામાં આવી અને જાણવા મળ્યું કે તેને ડેન્ગ્યુ અને ન્યુમોનિયા થવાને કારણે મગજ સુધી ચેપ ફેલાયો છે. તેની સારવાર ભારે દવાઓ, વૅન્ટિલેટર સપોર્ટ અને ફીઝિયોથેરાપી સાથે શરુ કરવામાં આવી.

સંધ્યાના પિતા મજૂરીકામ કરી પરિવારનું ગુજરાન કરતા હોવાથી, તેઓએ વધુ સારવાર માટે આર્થિક સહાયની વિનંતી કરી. તેમની સામાજિક-આર્થિક પરિસ્થિતિનું મૂલ્યાંકન કર્યા પછી દાતાશ્રીઓની મદદથી યોગ્ય સહાય પુરી પાડવામાં આવી. ૮૫ દિવસની લાંબી સારવાર પછી, તેને રજા આપવામાં આવી. તેના માતા-પિતાએ સારવારમાં સહાય બદલ હૉસ્પિટલ અને દાતાશ્રીઓનો આભાર વ્યક્ત કર્યો.

## દાતાશ્રીઓની મુલાકાત

- યુ.કે.થી શ્રીમતી સરોજબેન પટેલ, શ્રીમતી ધનુબેન પટેલ અને વડોદરાથી શ્રીમતી રાગિણીબેન પટેલે હૉસ્પિટલની પ્રવૃત્તિઓ અને અન્ય સુવિધાઓની માહિતી મેળવવા મંડળની મુલાકાત લીધી.



- યુ.એસ.એ.થી શ્રીમતી ગીતા પટેલ અને શ્રી બિપીનભાઈ પટેલે મંડળની મુલાકાત લીધી અને હૉસ્પિટલમાં થઈ રહેલી કામગીરીની પ્રશંસા કરી.
- યુ.એસ.એ.થી શ્રી હિરેન પટેલે હૉસ્પિટલની સુવિધાઓની માહિતી મેળવવા મુલાકાત લીધી અને ભવિષ્યમાં સહયોગ આપવા માટે પ્રતિબધ્ધતા દર્શાવી.
- યુ.કે. અને યુ.એસ.એ.થી સ્વર્ગસ્થ શ્રીમતી મંજરીબેન પટેલના પરિવારજનોએ મંડળની મુલાકાત લીધી.



- બૉશ રૅક્સરોથ (ઈન્ડિયા) પ્રાઈવેટ લિમિટેડના કંપની સૅક્રેટરી અને લીગલ, શ્રી કરણ ભટ્ટે હૉસ્પિટલમાં થઈ રહેલાં કાર્યો જોવા માટે મંડળની મુલાકાત લીધી.
- વેમેડ ફેમિલી, યુ.કે.ના શ્રી અનિતા, શ્રી અમિત અને બાળકોએ મંડળની મુલાકાત લીધી. તેઓએ ૧૨૦ આઇ.સી.યુ. બેડ ધરાવતી 'વેમેડ ક્રિટિકલ કેર સૅન્ટર'ની સુવિધાઓ જોઈને ખુશી વ્યક્ત કરી. તેઓને આગામી નર્સિંગ કૉલેજના બિલ્ડીંગના નિર્માણ વિશે પણ માહિતી આપવામાં આવી.

## મુખ્ય પ્રસંગો

### ભાઈકાકા યુનિવર્સિટીનો પ્રથમ પદવીદાન સમારોહ



ભાઈકાકા યુનિવર્સિટીનો પ્રથમ પદવીદાન સમારોહ ૧લી ઑક્ટોબર ૨૦૨૩ના રોજ યોજવામાં આવ્યો હતો. આ પદવીદાન સમારંભમાં લેફ્ટનન્ટ-જનરલ ડૉ. માધુરી કાનિટકર (નિવૃત્ત PVSM અને વાઈસ-ચાન્સેલર, મહારાષ્ટ્ર યુનિવર્સિટી ઑફ હેલ્થ સાયન્સિસ, નાસિક) મુખ્ય અતિથિ તરીકે હાજર રહ્યા હતા. આ સમારંભમાં બોર્ડના સભ્યો, ભાઈકાકા યુનિવર્સીટીનો સ્ટાફ અને વિદ્યાર્થીઓએ હાજરી આપી હતી.

આ સમારંભમાં મેડિકલ અને પેરામેડિકલમાં અભ્યાસ કરતા ૨૦૫ વિદ્યાર્થીઓને પદવી એનાયત કરવામાં આવી હતી, જેમાં પાંચ તેજસ્વી વિદ્યાર્થીનીઓને ગોલ્ડ મેડલથી સન્માનિત કરવામાં આવ્યા હતા. ડૉ. માધુરી કાનિટકરે પ્રેરણાદાયક વક્તવ્ય આપ્યું હતું અને સ્નાતક થયેલા તમામ વિદ્યાર્થીઓને હૃદયપૂર્વક અભિનંદન પાઠવ્યા હતા. આ કાર્યક્રમ વિદ્યાર્થીઓમાં ઉત્કૃષ્ટતા, જ્ઞાન અને નેતૃત્વને પ્રોત્સાહન આપવા, આરોગ્ય વ્યવસાયોના ક્ષેત્રમાં વૃદ્ધિ અને પ્રગતિમાં યોગદાન આપવા અને મોટા પ્રમાણમાં સમુદાયને આરોગ્યસંભાળ પૂરી પાડવા માટેની યુનિવર્સિટીની પ્રતિબદ્ધતાના પુરાવા તરીકે યોજવામાં આવ્યો હતો.

### હૅલ્ધી હાર્ટ વૉકેથૉન



ભાનુભાઈ અને મધુબેન પટેલ કાર્ડિયાક સૅન્ટરના ૧૫મા સ્થાપના દિવસ નિમિત્તે, ૮મી ઑક્ટોબર ૨૦૨૩ના રોજ હેલ્ધી હાર્ટ વૉકેથૉનનું આયોજન કરવામાં આવ્યું હતું, જેના થકી લોકસમુદાયમાં હૃદયરોગ અને સ્વસ્થ જીવનશૈલી વિશે જાગૃતતા ફેલાવવામાં આવી હતી. આણંદ, વલ્લભ વિદ્યાનગર અને કરમસદના ૨,૫૦૦થી વધુ લોકોએ હૃદયરોગ અંગે જાગૃતતા ફેલાવવા માટે વૉકેથૉનમાં ભાગ લીધો હતો. ત્રણ કિલોમીટરની પદયાત્રાની શરૂઆત ઍલિકોન ઇન્ડસ્ટ્રીના ચૅરમેન અને મૅનેજિંગ ડાયરેક્ટર શ્રી પ્રયાસ્વિનભાઈ પટેલ દ્વારા લીલીઝંડી ફરકાવીને કરી હતી. સૅન્ટરના નિષ્ણાત ડૉક્ટરની ટીમ દ્વારા હૃદયરોગના નિવારણ અને સારવાર અંગે માહિતી આપવામાં આવી હતી તથા જનહિતના પ્રશ્નોના જવાબ આપવામાં આવ્યા હતા. આ કાર્યક્રમ ઍલિકોન ગ્રુપ ઑફ કંપનીઝ, આઈ.ડી.એમ.સી., વિદ્યા વાયર્સ પ્રા.લિ., રિયલ બાઈટ્સ, સિપ્રિયાની હેરિસન વાલ્વ્સ, રવિકિરણ સિરામિક્સ પ્રા.લિ., અને ગુજરાત કો-ઑપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન (અમૂલ)ના સૌજન્યથી યોજવામાં આવ્યો હતો.

### અરીઝ ખંભાતા બેનોવેલન્ટ ટ્રસ્ટ દ્વારા નવજાતશિશુના આઈ.સી.યુ.માં ઉપકરણની સહાય



શ્રી કૃષ્ણ હૉસ્પિટલને રસના પ્રા.લિ.ની સી.એસ.આર. પહેલ અંતર્ગત, અરીઝ ખંભાતા બેનોવેલન્ટ ટ્રસ્ટ (AKBT) તરફથી aEEG મશીન દાન આપવામાં આવ્યું. જેનું ઉદ્ઘાટન અરીઝ ખંભાતા બેનોવેલન્ટ ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી બિનાસા ખંભાતાના હસ્તે ૧૩મી ડિસેમ્બર ૨૦૨૩ના રોજ શ્રી કૃષ્ણ હૉસ્પિટલના નવજાત શિશુ માટેના આઈ.સી.યુ. ખાતે આમંત્રિત મહેમાનો, હૉસ્પિટલના સ્ટાફ અને બોર્ડના સભ્યોની હાજરીમાં કરવામાં આવ્યું.

આ મશીન નવજાત શિશુના જન્મ સમયે ગૂંગળામણ અને ખેંચની બીમારીમાં સંભવિત ન્યુરોલૉજીકલ પરિણામોનું નિદાન કરવામાં મદદ કરે છે. ટ્રસ્ટ દ્વારા ભૂતકાળમાં હૉસ્પિટલને વૅન્ટિલેટર પણ દાનમાં આપવામાં આવ્યા છે. કોરિયન ઍમ્બૅસીના અધિકારીઓએ હૉસ્પિટલની મુલાકાત લીધી અને હૉસ્પિટલ દ્વારા કરવામાં આવતી આરોગ્યસંભાળની પ્રવૃત્તિઓનું અવલોકન કર્યું હતું.

## મુખ્ય પ્રવૃત્તિઓ




- ભાઈકાકા યુનિવર્સિટી ખાતે તારીખ ૧૪ અને ૧૫ ઑક્ટોબર ૨૦૨૩ના રોજ ૧૦મી નેશનલ કૉન્ફરન્સ ઑફ પીડિયાટ્રીક ઍજ્યુકેશનનું ઍકેડમી ઑફ પીડિયાટ્રિક, કરમસદના સહયોગથી ઇન્ડિયન ઍકેડમી ઑફ પીડિયાટ્રિક મૅડિકલ ઍજ્યુકેશન ચૅપ્ટર (IAP-MEC)ના નેજા હેઠળ યોજાઈ હતી. જેમાં શિક્ષણમાં નવીનતમ ફેરફારો તથા સ્નાતક ઍમ.બી.બી.ઍસ. અને અનુસ્નાતક ઍમ.ડી./ઍમ.ઍસ.ના વિદ્યાર્થીઓ માટે બાળકોના રોગો વિશેની તાલીમમાં કેવી રીતે સુધારો કરવો તેની ચર્ચા કરાઈ હતી.




- કે. ઍમ. પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ફિઝિયોથેરાપી દ્વારા ISSICON (ઇન્ટરનેશનલ સ્પાઇન અને સ્પાઇનલ ઇન્જરીઝ કૉન્ફરન્સ)નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કરોડરજ્જુ અને કરોડરજ્જુની ઇજાઓ, લાઇવ સર્જિકલ વર્કશૉપ સહિતની ચર્ચાને આવરી લેવામાં આવી. આ કૉન્ફરન્સનું આયોજન નેશનલ ડેરી ડેવલપમેન્ટ બૉર્ડ (NDDB) કેમ્પસમાં ૧ થી ૩ ડિસેમ્બર ૨૦૨૩ દરમિયાન કરવામાં આવ્યું હતું. આ કૉન્ફરન્સમાં કરોડરજ્જુની સારવારમાં પરિવર્તન લાવવાની ક્ષમતા ધરાવતા અદ્યતન સંશોધનો, નવી અને સહયોગી તકનીકોનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું.



- અમારા સ્થાપક અધ્યક્ષ ડૉ. એચ. એમ. પટેલના નિર્વાણદિન નિમિત્તે, ૩૦મી નવેમ્બર ૨૦૨૩ના રોજ, તેમની સમાધિ પર પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી તથા ભીખાભાઈ ઓડિટોરિયમ ખાતે "ઓડીસી ઑફ કૉમ્યૂનિટી સર્વિસ - અ પર્સનલ રેફ્લેકશન" વિષય પર ૧૮મું મૅમોરિયલ વ્યાખ્યાન જાણીતા સામાજિક કાર્યકર અને કમ્યુનિટી લીડરશીપ માટે મૅગ્સેસે ઍવોર્ડથી સન્માનિત ડૉ. પ્રકાશ મુરલીધર આમ્ટે, મૅડિકલ ડિરેક્ટર, લોક બિરાદરી પ્રકલ્પ, મહારોગી સેવા સમિતિ, હેમલકસા, મહારાષ્ટ્ર દ્વારા પૂરું પાડવામાં આવ્યું હતું.

## કૃતજ્ઞતા

**ઑક્ટોબર ૨૦૨૩ થી ડિસેમ્બર ૨૦૨૩ ના સમયગાળા દરમિયાન દાન આપનાર મુખ્ય દાતાશ્રીઓ**

- જે.આર.ડી. તાતા ટ્રસ્ટ
- નવીન ફ્લોરિન ઇન્ટરનેશનલ લિમિટેડ
- તાતા એજ્યુકેશન એન્ડ ડેવલપમેન્ટ ટ્રસ્ટ
- શ્રી જલારામ સેવાશ્રમ ટ્રસ્ટ
- કુ. માલિની શૈલેષ પટેલ
- અરીઝ ખંભાતા બેનોવેલન્ટ ટ્રસ્ટ
- યુનાઈટેડ વે ઑફ બરોડા
- જી.એમ.એમ. ફોડલર ફાઉન્ડેશન
- ગીવ ફાઉન્ડેશન
- સર દોરાબજી તાતા ટ્રસ્ટ
- એચ.બી. પટેલ ચેરિટેબલ ટ્રસ્ટ
- ગ્રાન્ડ પૉલીકોટ્સ કો. પ્રા. લિ.
- શ્રી અનિલભાઈ રમણભાઈ પટેલ
- માંગલ્ય સિરામિક્સ
- શ્રી વિનોદરાય ભાઈલાલભાઈ પટેલ
- બૉશ રેક્સરોથ (ઈન્ડિયા) પ્રા. લિ.
- સિપ્રિયાની હેરિસન વાલ્વ્સ પ્રા. લિ.
- શ્રીમતી સરોજ પ્રવિણચંદ્ર પટેલ
- શ્રી રમેશભાઈ હિંમતલાલ શાહ
- શ્રી કિરણભાઈ રામચંદ્ર પાઠક
- શ્રી મેહુલકુમાર કેશવલાલ પટેલ
- શ્રી એસ. ચંદ્રશેખર
- કુ. સુશીલાબેન મુકુંદભાઈ સિધ્ધપુરીયા
- શ્રી સુજલ બિપિનચંદ્ર પટેલ

**યુ.એસ.એ. દાતાશ્રીઓ**

- વલ્લભ વિદ્યાનગર એબ્રોડ
- શ્રી જયદત્ત પટેલ
- ડૉ. નિર્મલ અને ડૉ.શોભના પટોડિયા
- શ્રી શાંતિભાઈ પટેલ

**યુ.કે. દાતાશ્રીઓ**

- શ્રી અતુલ અમીન
- શ્રી ડૉલર
- શ્રી હરીશ એમ. પટેલ અને શ્રીમતી રમીલા એચ. પટેલ

## આપની સહાય, મંડળને સાથ

| અનુક્રમ નંબર | આર્થિક સહાય | રૂપિયા (અંદાજીત) |
|---|---|---|
| ૧. | સિમ્યુલેશન સૅન્ટર / સ્કિલ લૅબ / ગોલ્ડ રૂમના પ્રત્યેક રૂમના નામકરણ સાથેની સહાય | ૧૦,૦૦,૦૦૦ પ્રતિ રૂમ |
| ૨. | જરૂરિયાતમંદ દર્દીઓને કેન્સર/કાર્ડિયાકની સારવાર માટે સહાય | ૧,૦૦,૦૦૦ |
| ૩. | ઓછા વજનવાળા, વહેલા જન્મેલા નવજાત શિશુઓની NICUમાં સારવાર | ૭૫,૦૦૦ |
| ૪. | મોતીયાની સર્જરીની સારવાર માટે ૧૦ ગરીબ દર્દીઓની સહાય માટે | ૫૦,૦૦૦ |
| ૫. | આશીર્વાદ વૉર્ડના ૧૦૦ દર્દીઓના એક દિવસના ખોરાક માટે ''ભોજન યોજના'' અંતર્ગત સહાય | ૨૫,૦૦૦ |

૧. ખાસ હેતુ માટેનું આપનું અનુદાન, તે જ હેતુ માટે આપવામાં આવશે. વિકલ્પ ૧ માટેની સહાય માટે આપસી સંમતિની માર્ગદર્શિકા પ્રમાણે બ્રાન્ડિંગ અથવા નામકરણ સુવિધા ઉપલબ્ધ છે.

૨. આપની સહાય "ચારુતર આરોગ્ય મંડળ"ના ચેક દ્વારા અથવા દર્શાવેલ ક્યુ.આર. કોડ સ્કૅન કરીને ઑનલાઈન મોકલી શકાશે. આ સાથે આપ આપના દાનની વિગત ફોન અથવા ઈ-મેઈલ દ્વારા મોકલશો. મંડળને આપેલા દાનનીરકમ ઈન્કમ ટૅક્સ ઍક્ટ-૧૯૬૧ અંતર્ગત ૫૦% કરમુક્તિને પાત્ર છે.

૩. US/UK માં મળવાપાત્ર કર લાભો સાથે દાન આપવા માટે અમને **<helpus@charutarhealth.org>** અથવા **+91 81419 33322** પર સંપર્ક કરવા વિનંતી છે.

**અમે નીચેની સંસ્થાઓ સાથે ઍનલીસ્ટેડ છીએ:**

- ગીવ ઈન્ડિયા
- TISS, CSR HUB (ડિસેમ્બર ૨૦૨૩ સુધી
- યુનાઈટેડ વે ઑફ મુંબઈ
- યુનાઈટેડ વે ઑફ બરોડા

**અમે નીચેની સંસ્થાઓ સાથે રજીસ્ટર્ડ છીએ:**

- ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ કૉર્પોરેટ અફેર્સ (IICA, Delhi) ના ઈમ્પ્લીમેન્ટીંગ એૅક્રેડિટેડ એજન્સીસ હબ દ્વારા સન્માનિત
- ગાઈડસ્ટાર ઈન્ડિયા (રજી નં. ૭૮૦)

**અમને નીચેની સંસ્થાઓ સાથે માન્યતા પ્રાપ્ત થયેલ છે :**

### હા, હું સંકલ્પ કરવા માગું છું.

રૂા. ______________ (શબ્દોમાં) ______________

શ્રી ______________ ના પ્રસંગે/સ્મરણાર્થે

(માસિક/ત્રિમાસિક/વાર્ષિક) રૂા. ______________ મારી સહાયરૂપે નોંધાવું છું.

નામ: ______________ ઈ-મેઈલ ______________

સરનામું : ______________

પીન કોડ: ______________ ફોન / મોબાઈલ નંબર: ______________ પાન નં.: ______________

સહી :

કોઈ પણ પ્રશ્ન માટે કૃપા કરીને અમારો સંપર્ક કરો: **+ 91 81419 33322** અથવા **<helpus@charutarhealth.org>**

"કશુંક મેળવીને તમે જીવન ગુજારો છો, પણ કશુંક આપીને તમે જીવન બનાવો છો."